BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બલ્લેબાજી માટે તૈયાર રહો બ્રૅમ્પટન! જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ હવે પૂર્ણ થયું છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (15 ડિસેમ્બર 2021) – સિટી ઓફ બ્રૅમ્પ્ટન, પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ (PDSB) અને જેઝ કેર ફાઉન્ડેશન (Jays Care Foundation) રોમાંચક જાહેરાત કરે છે કે નવો જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ એક્સેસિબલ બેઝબૉલ ડાયમંડ હવે તૈયાર થઈ ચુક્યું છે અને આગામી વસંત ઋતુથી બૂકિંગ માટે ઉપલબ્ધ છે.

2020માં જેઝ કેર ફાઉન્ડેશન ફિલ્ડ ઓફ ડ્રીમ્સના કૅનેડાના અનુદાનના 12 પ્રાપ્તકર્તાઓ પૈકી બ્રૅમ્પટન એક છે. આ અનુદાન બાળકો અને યુવાનો બેઝબૉલ રમી શકે તે માટે અને નિરોગી તથા સક્રિય રહી શકે અને જીવનોપયોગી કૌશલ્યો શીખી શકે તે માટે ડિઝાઇન, સમારકામ કરીને નવીન કરવા માટે અને તેમને માટે સુગમ સ્થળો માટે ભંડોળ પૂરું પાડે છે. આ પરિયોજના માટે સિટી ઓફ બ્રૅમ્પટને એક તૃતીયાંશ ભંડોળ પૂરું પાડ્યું હતુ, PDSB નીધિયન દ્વારા બીજું એક તૃતીયાંશ અને ખર્ચનો બાકી રહેલ ત્રીજો ભાગ જેઝ કેર ફાઉન્ડેશન (Jays Care Foundation) અનુદાન દ્વારા પૂરો પાડવામાં આવ્યો.

બ્રૅમ્પટન ખાતે પહેલવહેલી વખત એવું જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ તે જુડીથ નાયમેન સેકન્ડરી સ્કૂલ અને વિલિયમ્સ પાર્કવે સિનિયર પબ્લિક સ્કૂલ વચ્ચેની હરિત જગ્યામાં આ એક ઉત્કૃષ્ટ ઉમેરો છે. 1305 વિલિયમ્સ પાર્કવે પર સ્થિત બેઝબૉલ ડાયમંડ ચિંગકુઝી સેકન્ડરી સ્કૂલની એટલી પાસે છે કે ત્યાંના વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકશે અને ત્યાંથી હાઈવે 410 પણ સુગમ છે તેથી તમામ બ્રૅમ્પટનવાસીઓ માટે આ સાઈટ અનુકૂળ છે. આ પ્રોજેક્ટ પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ અને સિટી ઓફ બ્રૅમ્પટન વચ્ચેની જાહેર ભાગીદારીનો જોરદાર નમૂનો છે જેનાથી આખા બ્રૅમ્પટન ફરતેના વિદ્યાર્થીઓ તેમજ રહેવાસીઓ માટેની મનોરંજન સવલતોની સુગમતામાં વધારો થશે, અને એવી આશા રાખવામાં આવે છે કે તેનો બોર્ડ તેમજ ચેલેન્જર બેઝબૉલ અને સ્પેશ્યલ ઓલિમ્પિક્સ દ્વારા સારો એવો ઉપયોગ થશે.

નવું જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ નોંધપાત્ર સુલભતા અને કાર્યક્ષમતા ધરાવે છે: આર્ટિફિશ્યલ ટર્ફ ઇનફિલ્ડ, સુધારેલ બેઝ પાથ (60'); ટૂંકુ આઉટફિલ્ડ, કોઈ ગ્રેડ પરિવર્તન વિનાનો સુધારેલ પિચર્સ માઉન્ડ; રમતવીરો માટે સુલભ બેન્ચ એરિયા અને, ફિલ્ડ પર જવા માટેના કોંક્રીટના એક્સેસ પાથવે. આઉટફિલ્ડ કુદરતી ઘાસનું બનેલું છે અને વોર્નિંગ ટ્રેક હાર્ડ-પેક્ડ કાંકરીથી બનેલો છે.

ટેરી મિલર રિક્રિએશન સેન્ટર પાર્કિંગ લોટમાં એક્સેસિબલ રેમ્પ અને પાર્કિંગ લોટ્સ તે લોકો માટે બનાવવામાં આવ્યા છે જેઓ જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સનો ઉપયોગ કરતા હોય. બેઝબૉલ ડાયમંડની અન્ય સવલતોમાં સામેલ છે: હોમ પ્લેટની પાછળ ચાહકોને બેસવા માટે બ્લિચર બેઠક વ્યવસ્થા; અલગ અલગ યુઝર ગ્રૂપ માટે ચાર પિચર માઉન્ડ્સ; અને એક આઉટફિલ્ડ ફેન્સ જે હોમ પ્લેટથી માત્ર 225 ફૂટની દૂરી પર હોય.

એક મહા-ઉદ્‌ઘાટન સમારોહ એપ્રિલ 2022માં થશે.

જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ બેઝબૉલ ડાયમંડ બૂક કરવા માટે જે રહેવાસીઓ, સ્પોર્ટ્સ ગ્રૂપ્સ અને સામાજિક સંસ્થાઓને અંતરાય મુક્ત સવલતોની આવશ્યકતા હોય તેઓ સિટીના સ્પોર્ટ્સ ફિલ્ડ રેન્ટલ્સ એકમનો સંપર્ક 2022ના વસંતમાં 905-874-BOOK (2665) પર કરી શકે અથવા અહીં ઈમેલ કરી શકે છેfacilityrentals@brampton.ca .

**સુવાક્યો**

"યુવા ધનને સક્રિય રહેવા માટેની તકો સાથેનું સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત શહેર એટલે બ્રૅમ્પટન. નવું જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ એવી ઉત્તમ સવલત છે જે યુવા લોકો અને બ્રૅમ્પટનના તમામ નિવાસીઓ માટે આવનાર વર્ષો સુધી શારીરિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરતી રહેશે. હું બધાને વસંત દરમિયાન થોડોક સમય નવા ફિલ્ડ પર બૂક કરવા અનુરોધ કરું છું.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ આપણા સમુદાયમાં એક જબરદસ્ત ઉમેરો છે. પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ અને જેઝ કેર ફાઉન્ડેશન (Jays Care Foundation) સાથે ભાગીદારી કરીને અમે બ્રૅમ્પટનમાં એક્સેસિબલ બેઝબૉલ ડાયમંડ લાવી શક્યા તેનું અમને ગૌરવ છે. હું માનું છું કે અમારા રહેવાસીઓ આ તકને નિરોગી અને સક્રિય રહેવા માટે ભરપુર માણશે."

*રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર ;, વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"તમામ રહેવાસીઓની જીવન ગુણવત્તામાં પ્રગતિ થાય એવું નિવેશ બ્રૅમ્પટન ખાતે લાવવા માટે સિટીનો સ્ટાફ સમર્પિત છે. નવું જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ આપણા સમુદાયમાં એક સીધું રોકાણ છે અને બ્રૅમ્પટનમાં આરોગ્ય અને સુખાકારીની તકો લાવતા રહેવા માટે અમે અમારા હિસ્સાધારકો સાથે કામ કરતા રહીશું."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

"અમને સિટી ઓફ બ્રૅમ્પટન અને જેઝ કેર ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરવામાં ગૌરવની લાગણીની સાથે રોમાંચ થાય છે જેથી પીલના વિદ્યાર્થીઓ અને સમુદાય માટે એક્સેસિબલ બેઝબૉલ ડાયમંડ લાવી શક્યા. આના જેવા પ્રોજેક્ટ સામેલ થયેલ દરેક જણ પર ભારે પ્રભાવ પાડશે અને અમે આવી જબરદસ્ત સવલત સુલભ કરવા માટેના જોરદાર પ્રયાસો કરવા માટે આભારી છીએ, એવી સવલત જે આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહિત કરશે."

- *રશ્મિ સ્વરૂપ, ડાયરેક્ટર ઓફ એડ્યુકેશન, PDSB*

"જેઝ કેર ફાઉન્ડેશન એટલા તો રોમાંચિત છે કે બ્રૅમ્પટનના ક્ષમતાઓ ધરાવતા તમામ બાળકો અને યુવાનોને થોડા જ સમયમાં જુડીથ નાયમેન ફિલ્ડ ઓફ ડ્રીમ્સ ખાતે બેઝબૉલની રમત રમીને મહત્ત્વપૂર્ણ જીવન-કૌશલ્યો શીખવાની તક સાંપડશે. આ પ્રોજેક્ટને સાકાર કરવા બદ્દલ મારે જુડીથ નાયમેન સેકન્ડરી સ્કૂલની જોરદાર ટીમનો, મેયર બ્રાઉન, સિટી ઓફ બ્રૅમ્પટનનો અને પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડનો ઉલ્લેખ કરવો જ

રહ્યો. અમે ઉત્સુકતાથી રાહ જોઇ રહ્યા છીએ વિદ્યાર્થીઓના જબરદસ્ત પ્રયાસોનો જેઓ ડાયમંડનો ઉપયોગ કરશે અને જેથી આવતા ઘણા બધા વર્ષો સુધી સકારાત્મક પ્રભાવ જોઇ શકાશે જે આ પ્રોજેક્ટ લાવી શકશે."

- *રોબર્ટ વિચેલ (Robert Witchel), એજ્ઝિક્યુટિવ ડાયરેક્ટર, જેઝ કેર ફાઉન્ડેશન (Jays Care Foundation)*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca